કૃપા કરીને આ પત્રિકા વાંચવાનો સમય ફાળવો.
**તમારે પસંદગી કરવાની છે.**

# એન.એચ.એસ. સમરી કેર રેકોર્ડ (સંભાળ વિશેની નોંધનો સંક્ષેપ)

## ઈમર્જન્સીમાં તમારી સંભાળનો સંક્ષેપ

સમરી કેર રેકોર્ડ્સ

## અમે (ઈંગ્લેન્ડમાં એન.એચ.એસ.) નોંધ રાખવાની એક નવી ઈલેક્ટ્રોનિક પદ્ધતિની શરૂઆત કરી રહ્યાં છીએ, જેનું નામ છે 'સમરી કેર રેકોર્ડ' (એસ.સી.આર.) (**Summary Care Record (SCR)**), જેનો ઉપયોગ ઈમર્જન્સીમાં તમારી સંભાળમાં સહાયતા માટે કરવામાં આવશે.

કૃપા કરીને આ પત્રિકા ધ્યાનપૂર્વક વાંચો. તે તમને નવા 'સમરી કેર રેકોર્ડ' - ઈમર્જન્સીમાં તમારી સંભાળના સંક્ષેપ વિશે અગત્યની માહિતી આપશે.



# સમરી કેર રેકોર્ડ્સની શરૂઆત

આજે, જ્યાં પણ તમને સંભાળ આપવામાં આવે છે તે તમામ સ્થળોએ તે વિશેની નોંધો રાખવામાં આવે છે. આ સ્થળો સામાન્ય રીતે પત્રો, ઈમેઈલ, ફેક્સ અથવા ફોન દ્વારા તમારી નોંધોમાં લખેલી માહિતીની એકબીજાં સાથે આપલે કરી શકે છે. અમુક સમયે, આના લીધે સારવાર ધીમી પડી શકે છે અને કેટલીકવાર માહિતી મેળવવાનું મુશ્કેલ બની શકે છે.

અમે દર્દીની સંભાળની સલામતી અને ગુણવત્તામાં સુધારો કરવા માટે સમરી કેર રેકોર્ડ્સની શરૂઆત કરી રહ્યાં છીએ. સમરી કેર રેકોર્ડ ઈલેક્ટ્રોનિક હોવાને કારણે, તેનાથી આરોગ્ય સંભાળના કર્મચારીઓ તમારા વિશેની આવશ્યક માહિતી વધારે ઝડપથી અને વધારે સહેલાઈથી મેળવી શકશે જેથી જ્યારે તમને ઈમર્જન્સીમાં સંભાળની જરૂર પડે અથવા જ્યારે તમારા જીપીનું દવાખાનું બંધ હોય ત્યારે તમને સલામત સારવાર પૂરી પાડવામાં તેમને મદદ થઈ શકે.

તમારા માટે સમરી કેર રેકોર્ડ બનાવવામાં આવે તે પહેલાં અમે તમને આના વિશે કહી રહ્યાં છીએ, જેથી તમારી પસંદગીઓ વિશે વિચારવાનો તમને સમય મળી રહે.

**સમરી કેર રેકોર્ડ રાખવામાં આવે તે તમે પસંદ કરી શકો છો:**
તમારે કશું કરવાની જરૂર નથી. આ આપમેળે જ થઈ જશે. આરોગ્ય સંભાળના કર્મચારી જેટલીવાર તમારા સમરી કેર રેકોર્ડ જોશે તે દરેક વખતે તમારી મંજૂરી માગશે.

**સમરી કેર રેકોર્ડ ન રાખવામાં આવે તેવું તમે પસંદ કરી શકો છો:**
જો તમારા સમરી કેર રેકોર્ડ રાખવામાં ન આવે એવું તમે ઈચ્છતાં હો, તો તમારે તેમાંથી બાકાત રહેવા માટેનું (ઓપ્ટ-આઉટ) ફોર્મ ભરીને તમારા જીપીના દવાખાનામાં આપીને તે જણાવવાનું રહેશે. આના વિશે વધારે માહિતી માટે પાનાં 6/7 જુઓ.

# તમારા સમરી કેર રેકોર્ડ વિશે

જો તમે સમરી કેર રેકોર્ડ રાખવામાં આવે એવું નક્કી કરશો તો તેમાં તમે જે કોઈ પણ દવાઓ લેતાં હો, તમને કોઈ એલર્જીઓ થતી હોય અને તમે પહેલાં લીધી હોય તેવી કોઈ દવાની ખરાબ પ્રતિક્રિયાઓ (રીએક્શનો) થતી હોય તો તેના વિશેની અગત્યની માહિતી રાખવામાં આવેલી હશે.

આરોગ્ય સંભાળના કર્મચારીને આ માહિતી મળી શકવાથી ઈમર્જન્સીમાં તમારી સંભાળ લેતી વખતે અથવા જ્યારે તમારા જીપીનું દવાખાનું બંધ હોય ત્યારે તમારી સંભાળ રાખવામાં કોઈ ભૂલો થતી રોકી શકાય છે.

તમારા સમરી કેર રેકોર્ડમાં તમારું નામ, સરનામું, જન્મતારીખ અને તમારા પોતાના એન.એચ.એસ. નંબરનો પણ સમાવેશ હશે જેથી તમારી સચોટ ઓળખ કરવામાં મદદ થાય.

તમારી સંભાળ વિશેની બીજી વિગતો પણ તમે તમારા સમરી કેર રેકોર્ડમાં ઉમેરી શકો છો. આવું તો જ થશે જો તમે પોતે તે માહિતી ઉમેરવાનું કહેશો. તમારી સારવાર કરનાર આરોગ્ય સંભાળના કર્મચારી સાથે તમારે તમારી ઈચ્છાઓ વિશે વાત કરવી જોઈએ.

# સમરી કેર રેકોર્ડથી મને કેવી રીતે મદદ થશે?

- તમે જે કોઈ પણ દવાઓ લેતાં હો, તમને કોઈ એલર્જીઓ થતી હોય અને તમે પહેલાં લીધી હોય તેવી કોઈ દવાની ખરાબ પ્રતિક્રિયાઓ (રીએક્શનો) થયેલ હોય તો તેના વિશેની માહિતી આરોગ્ય સંભાળના કર્મચારી ઝડપથી મેળવી શકશે.
- આનો અર્થ એ થાય કે કોઈ ઈમર્જન્સી હોય, તમારા જીપીનું દવાખાનું બંધ હોય અથવા જ્યારે તમે ઘરથી દૂર ઈંગ્લેન્ડના બીજા કોઈ ભાગમાં હો તે દરમ્યાન તેઓ તમને સલામત સંભાળ પૂરી પાડી શકે છે.
- તમે કોઈ પણ સમયે હેલ્થસ્પેસ (HealthSpace) નામની સુરક્ષિત વેબસાઈટ પર તમારો સમરી કેર રેકોર્ડ જોઈ શકો છો. હેલ્થસ્પેસનો ઉપયોગ કરવા માટે તમારે નામ નોંધાવવું જરૂરી છે, જેથી તેને બને તેટલી સુરક્ષિત રાખી શકાય. હેલ્થસ્પેસ વિશે વધારે માહિતી www.healthspace.nhs.uk પરથી અથવા તમારી સ્થાનિક એન.એચ.એસ.માંથી મેળવી શકાશે.

# મારા સમરી કેર રેકોર્ડ કોણ જોઈ શકે તેના પર તમે કેવી રીતે નિયંત્રણ રાખશો?

તમારા સમરી કેર રેકોર્ડ જોઈ શકે તે આરોગ્ય સંભાળના કર્મચારીઓઃ

- તમારી સંભાળ રાખવામાં સીધી રીતે તમારી સાથે સંકળાયેલાં હોવાં જરૂરી છે;
- પાસે ચિપ અને પાસકોડ સાથેનું એન.એચ.એસ. સ્માર્ટકાર્ડ હોવું જરૂરી છે (બેન્ક કાર્ડ અને પિન હોય છે તેવી રીતે);
- તેમનું કામ કરવા માટે તેમને જોવી જરૂરી હોય તે જ માહિતી જોશે; અને
- તેમની વિગતોની નોંધણી કરાવશે.

આરોગ્ય સંભાળના કર્મચારીએ જેટલીવાર તમારા સમરી કેર રેકોર્ડ જોવાની જરૂર પડશે તે દરેક વખતે તેઓ તમારી મંજૂરી માગશે. જો તેઓ તમને પૂછી શકે તેમ ન હોય, દાખલા તરીકે જો તમે બેહોશ હો અથવા અમુક ચોક્કસ સંજોગોમાં, જેમ કે કોર્ટનો ઓર્ડર હોય, તો આરોગ્ય સંભાળના કર્મચારી તમને પૂછ્યા વગર તમારા રેકોર્ડ જોઈ શકે. જો તેમણે આવું કરવું પડશે, તો તે અંગેની નોંધ તેઓ તમારા રેકોર્ડમાં લખશે.

# મારી ગુપ્તતાનું તમે કેવી રીતે રક્ષણ કરશો?

કાયદા અનુસાર, અમારા માટે અથવા અમારા વતી કામ કરતી દરેક વ્યક્તિએ તમારી ગુપ્તતા (ખાનગીપણા)નું માન રાખવું જ પડે છે અને તમારા વિશેની તમામ માહિતી સુરક્ષિત રાખવી જ પડે છે.

અમે ઈંગ્લેન્ડ માટે એન.એચ.એસ. કેર રેકોર્ડ ગેરંટી પ્રકાશિત કરીએ છીએ. આમાં કહેલું છે કે એન.એચ.એસ. કેવી રીતે તમારી ઈલેક્ટ્રોનિક નોંધો એકઠી કરશે, સંઘરશે અને ઉપલબ્ધ કરાવશે અને તમારી માહિતી કેવી રીતે સંઘરવામાં આવે અને જોવામાં આવે તે માટેની તમારી પસંદગીઓ શું છે. જો તમને આની નકલ જોઈતી હોય, તો તે કેવી રીતે મેળવવી તેની માહિતી આ પત્રિકાની પાછળના ભાગમાં આપેલી છે.

અમે ગમે તેટલાં સાવચેત રહીએ તો પણ જ્યારે માહિતી કમ્પ્યુટરો પર સંઘરવામાં આવે છે ત્યારે તેના પર પણ  કાગળ પર માહિતી સંઘરવા જેવાં જ જોખમો રહેલાં હોય છે. અમે જ્યાં પણ તમારી સારવાર કરીએ તે દરેક સ્થળે તમારી ગુપ્તતાનું રક્ષણ કરવા માટે જવાબદાર લોકો હોય છે. વધારે માહિતી માટે તમારી સ્થાનિક એન.એચ.એસ.ને પૂછો.

# મારી પસંદગીઓ શું છે?

- **સમરી કેર રેકોર્ડ રાખવામાં આવે તેવું તમે પસંદ કરી શકો છોઃ**
  તમારે કશું કરવાની જરૂર નથી. આ આપમેળે જ થઈ જશે.
- **સમરી કેર રેકોર્ડ રાખવામાં ન આવે તેવું તમે પસંદ કરી શકો છોઃ**
  તમારે બાકાત રહેવા માટેનું (ઓપ્ટ-આઉટ) ફોર્મ ભરીને તમારા જીપીના દવાખાનાને તેની જાણ કરવાની રહેશે.

# તમે કોઈ પણ સમયે તમારો વિચાર બદલી શકો છો

- જો તમે સમરી કેર રેકોર્ડ ન રાખવામાં આવે એવું પસંદ કરો, પણ બાદમાં તમારો વિચાર બદલો તો હજુ પણ અમે તમારા માટે તે બનાવી શકીએ છીએ. તમારે તમારા જીપીના દવાખાનાને તેની જાણ કરવાની રહેશે.
- તમારા માટે અમે સમરી કેર રેકોર્ડ બનાવી લઈએ તે પછી જો તમને તે ન જોઈતા હોય, તો તમારે તમારા જીપીના દવાખાનાને તેની જાણ કરવાની રહેશે. અમે ખાતરી કરીશું કે તમારા સમરી કેર રેકોર્ડ જોવાનો પ્રયત્ન કરનાર આરોગ્ય સંભાળના કર્મચારી તે જોઈ શકશે નહિ. તમારા રેકોર્ડ અમે ત્યારે જ ઉપલબ્ધ કરાવીશું જ્યારે તે જોવા માગતી વ્યક્તિ તે માટે લેખિતમાં માગણી કરે અને તપાસ દરમ્યાન તે જોવા દેવાનું જરૂરી જણાય.
- તમે તમારા રેકોર્ડ ભૂંસી કાઢવા માટે કહી શકો છો, પરંતુ તમને સંભાળ આપવા માટે તે રેકોર્ડનો ઉપયોગ કરવામાં આવી ચૂક્યો હોય તો તે કદાચ શક્ય બનશે નહિ.

# બાળકો અને સમરી કેર રેકોર્ડ

બાળકો માટેના સમરી કેર રેકોર્ડ આપમેળે જ બનાવી દેવામાં આવશે.

જો તમારા બાળક માટે સમરી કેર રેકોર્ડ બનાવવામાં આવે એવું તમે **ન ઈચ્છતાં હો**, તો તમારે તમારા બાળક વતી બાકાત રહેવા માટેનું (ઓપ્ટ-આઉટ) ફોર્મ ભરીને તમારા બાળકના જીપીના દવાખાને પાછું આપવાનું રહેશે. અમુક સંજોગોમાં તમારા જીપીને કદાચ લાગે કે તમારા બાળકના સમરી કેર રેકોર્ડ બનાવવાનું તેના સર્વોત્તમ હિતમાં છે. દાખલા તરીકે, જો તમારા બાળકને કોઈ ગંભીર પ્રકારની એલર્જી હોય જેના વિશે તમારા બાળકની સારવાર કરનાર આરોગ્ય સંભાળના કર્મચારીને જાણ હોવી જોઈએ.

# હવે મારે શું કરવું?

તમારા માટે અમે સમરી કેર રેકોર્ડ બનાવીએ તેમાં તમે જો રાજી હો, તો તમારે કશું કરવાની જરૂર નથી, અમે આપમેળે જ તમારા માટે તે બનાવી દઈશું.

જો તમારા માટે અમે સમરી કેર રેકોર્ડ બનાવીએ એવું તમે ન ઈચ્છતાં હો, તો કૃપા કરીને તેમાંથી બાકાત રહેવા માટેનું (ઓપ્ટ-આઉટ) ફોર્મ ભરીને **તમારા જીપીના દવાખાનામાં તે પાછું આપી દો.**

ઓપ્ટ-આઉટ ફોર્મ www.nhscarerecords.nhs.uk/options પરથી અથવા તમારા જીપીના દવાખાનામાંથી મેળવી શકાય છે, અથવા તમે સમરી કેર રેકોર્ડ ઈન્ફોર્મેશન લાઈન **0300 123 3020** પર અમને ફોન કરીને તે મોકલવા માટે કહી શકો છો.

# મને વધારે માહિતી ક્યાંથી મળશે?

સમરી કેર રેકોર્ડ્સ અને તમારી પસંદગીઓ વિશે વધારે માહિતી માટેઃ

- સમરી કેર રેકોર્ડ ઈન્ફોર્મેશન લાઈનને **0300 123 3020** પર ફોન કરો;
- તમારી સ્થાનિક પેશન્ટ એડવાઈઝ એન્ડ લિએઝન સર્વિસ (પાલ્સ) www.pals.nhs.uk નો સંપર્ક કરો અથવા
- www.nhscarerecords.nhs.uk જુઓ.



## તમને ‘ઈંગ્લેન્ડ માટે એન.એચ.એસ. કેર રેકોર્ડ ગેરંટી’ (‘The NHS Care Record Guarantee for England’) ની નકલ અથવા બીજી ભાષાઓ અને સ્વરૂપોમાં પત્રિકાઓ અમારી આ વેબસાઈટ www.nhscarerecords.nhs.uk પરથી મળી શકશે.

સમરી કેર રેકોર્ડ ઈન્ફોર્મેશન લાઈન પાસે ભાષાંતર અને ટેક્સ્ટ ફોનની સુવિધાઓ છે.